હરિ ૐ આશ્રમ પ્રેરિત

# સૂરજ, તારો છાયો

ઍ

જ્યોતિર્ રાવલ



ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ-૯

હરિ ૐ આશ્રમ પ્રેરિત : [illegible]
શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા : પુસ્તક [illegible]

# સૂરજ, તારી છાયા

જ્યોતિર્ રાવલ

ગુજરાતી સાહિત્ય પરિષદ
આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯

**પ્રકાશક :**
રઘુવીર ચૌધરી
મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ
આશ્રમ માર્ગ, નદીકિનારે
અમદાવાદ-૩૮૦ ૦૦૯

© જ્યોતિર્ રાવલ

પ્રથમ આવૃત્તિ : ૧૯૮૩
મૂલ્ય : રૂ. ૩/—

આવરણ સંયોજન : શૈલેશ મોદી

**મુદ્રક :**
કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય
રાયખડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

# શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા

શ્રી હરિ ૐ આશ્રમ તરફથી બાળકોનું ચારિત્ર્યઘડતર કરે તેવાં બાલસાહિત્યના સર્જન માટે ગુજરાતી સાહિત્ય પરિષદને રૂપિયા ૧૨,૦૦૦નું દાન આપવામાં આવ્યું છે. બાળકોમાં અભય, ઔદાર્ય, ત્યાગ, ધર્મ, તિતિક્ષા, સહાયવૃત્તિ, મર્તાતરક્ષમા, સાહસ, શૌર્ય, પ્રેમ, સદ્‌ભાવ જેવા ઉદાત્ત ગુણો અને ભાવનાઓ પ્રેરે તેવા બાલસાહિત્યનું સર્જન કરવાનો આનો હેતુ છે. આ ઉદ્દેશને પ્રગટ કરતાં ચરિત્રો, વાર્તાઓ, નાટિકાઓ અને કથાકાવ્યો ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. ૧૯૬૭થી શરૂ થયેલી આ ગ્રંથમાળાનું આ છત્રીસમું પ્રકાશન બાલનાટકનું છે. જ્યોતિર્‌ભાઈનું આ બાલનાટક બાળકો જરૂર હોંશે હોંશે વાંચશે અને ભજવશે.

ગુજરાતનાં બાળકોએ અગાઉ અમારાં પ્રકાશનોને જે રીતે આવકાર્યાં છે તે રીતે આ બાલનાટકને પણ આવકારશે તેવી અમને શ્રદ્ધા છે.

તા. ૧-૩-'૮૩

ચંદ્રકાન્ત શેઠ<br>
નિયામક

□

# સૂરજ, તારી છાયા

[ રંગમંચનો પડદો ખૂલતાં જ એક પાતળા પડદા પાછળથી અપાયેલ સ્પૉટ – સૂર્યનો આભાસ ઊભો કરે છે. આ સ્પૉટના વર્તૂળમાં એક કઠિયારો સૂર્યને પ્રણામ કરે છે. તે વેળા નેપથ્યમાંથી સૂર્યનો સ્તુતિશ્લોક ગૂંજે છે : ]

પ્રત્યક્ષ દેવં વિશદં સહસ્ર મરીચિભિઃ શોભિત ભૂમિ દેશમ્ ।
સપ્તાશ્વગં સહસ્રજ હસ્તમાદ્યં દેવં ભજેઽહં મિહિરં હૃદબ્જે ॥

ૐ હ્રીં હ્રીં સૂર્યાય નમઃ ॥
ૐ હ્રીં હ્રીં સૂર્યાય નમઃ ॥
ૐ હ્રીં હ્રીં સૂર્યાય નમઃ ॥
ૐ હ્રીં હ્રીં સૂર્યાય નમઃ ॥
ૐ હ્રીં હ્રીં સૂર્યાય નમઃ ॥

[ કઠિયારો સૂર્યને પ્રણામ કરીને પોતાની ડોક ઊંચે ઉઠાવે છે ત્યાં દૂર દૂરથી ગવાતા ગીતના શબ્દો તેના કાને પડે છે. ને એ ગીત ગાનારા ધીરે ધીરે નજીક આવતા હોય તેવો ભાસ થાય છે. ]

સૂરજદાદા !
ઓ સૂરજદાદા ! !
નાનો અમથો ગોળો
પણ શક્તિ છે અપાર
રોજ સવારે પ્રગટો
તોય, કોઈ ના પામે પાર.

[ કઠિયારો નીચે મૂકેલી પોતાની કુહાડી ઉઠાવી ચાલ્યો જાય છે ત્યાં રંગમંચ પર આછો પ્રકાશ. આ પ્રકાશમાં હાથી, ગધેડો, વાંદરો તથા બીજાં પશુ-પંખીઓનો નાચતાં કૂદતાં – ગાતાં ગાતાં જ પ્રવેશ : ]

સૂરજદાદા...
ઓ સૂરજદાદા
ક્યાં છે તમારો ઘોડો
ને ક્યાં છે એ અસવાર
પ્રતાપ તમારો એવો
કે ગુણ ગાયે સંસાર
સૂરજદાદા ઓ સૂરજદાદા.

[ બધાં ત્યાં તળાવને કાંઠે એક કાપેલા વૃક્ષના થડિયા પાસે આવી અટકે છે, એટલે હાથી ગધેડાને સહેજ હડસેલું મેલી કહે છે ]

હાથી : ચાલ હટ, આ આસન મારું છે. હું જ એના પર બેસીશ.

ગધેડો : વાહ ભૈ વાહ, ચોરીની ચોરી અને ઉપરથી સીનાજોરી.

હાથી : સીનાજોરી !! એટલે તું કહેવા શું માગે છે ?

ગધેડો : હાથીભાઈ, તમે મોટા પહાડ જેવા છો એટલે કંઈ હું ડરી નહિ જાઉં. તમે કાન ખુલ્લા

રાખી સાંભળી લો. આ દરબાર મારો છે. અને આ આસન પણ મારું છે...

હાથી : બકવાસ બંધ. જંગલનો રાજા હું છું હું અને આ આસન પર બેસવાનો અધિકાર મારો છે...સમજ્યો?

ગધેડો : જુઠ્ઠા..., તું અને જંગલનો રાજા! (હસે છે) એક પૈની તો અક્કલ નથી, કેવળ શરીર વધારી જાણ્યું છે. શું મોટુંમસ શરીર ધરાવ્યું એટલે રાજા થવાનો પરવાનો મળી ગયો?

હાથી : અલ્યા ગધેડા, તું તો ગધેડો જ રહ્યો. આ...એટલુંય સમજતો નથી કે રાજા થવામાં બુદ્ધિની નહીં, બળની જરૂર છે બળની. અને તું તો....

ગધેડો : હા...હા..., હું ગધેડા તો ગધેડો છું. પણ તે છતાંય સારી રીતે જાણું છું કે આ જંગલનો રાજા તું નહિ પણ સિંહ છે.

હાથી : જંગલનો રાજા સિંહ છે એમાં તેં નવું શું કહ્યું! આ વાત તો નાનું છોકરુંય જાણે છે. પણ મૂળ વાત તો એ છે કે આ દરબારનો રાજા હું જ છું.

ગધેડો : બસ...બસ..., તારી બધી હોંશિયારી તારી પાસે રાખ.

હાથી : એમ, જોવું છે?

ગધેડો : જોવું છે એટલે? તારી વસ્તી કેટલી? છો તો ઈન મીન અને તીન, હમણાં હું ગીત ગાઈશ તો મારી આખી જાત ભેગી થઈ જશે. બોલ, સાબિત કરી બતાવું મારી બહુમતી?

[ વાંદરો ઝાડ પરથી ઊતરી નીચે આવે છે ]

વાંદરો : અલ્યા ભૈ, તમે બેઉ નકામા ઝઘડો છો. આસન પર તું બેસે કે હાથી, બેઉ આખરે તો પ્રાણી જ છો ને?

ગધેડો : 'લ્યા. તને દોઢડાહ્યા થવાનું કોણે કહ્યું? જા તારું કામ કર.

વાંદરો : હું તો મારું કામ જ કરું છું. તમે બેઉ આમ ને આમ ઝઘડ્યા કરશો તો એમાં જ સાંજ પડી જશે. અને આ બધાં પ્રાણીઓ શું કહેશે તેની ખબર છે?

વાંદરો : એ જ કે બે પગરખાંની તો એકતા નથી અને શું જોઈને પ્રાણીજગતની એકતાની વાત કરતાં

હશે! જરાક તો વિચારો, તમારા પર આ બધાં હસે છે.

ગધેડો : (વિચારમાં પડી ગંભીર ભાવે) વાંદરાભાઈ, તમારી વાત તો સાચી છે. પણ હવે શું કરશું ?

વાંદરો : કરવાનું વળી શું ? જો આ એક પાયલી મને રસ્તામાંથી જડી છે. તે, હું ઉછાળું છું. એમાં આ ત્રણ સિંહવાળો ભાગ ઉપર પડે તો તું આસન પર બેસીશ અને જો એ ઊંધો પડે, એટલે કે '૨૫' લખેલો ભાગ ઉપર આવે તો હાથીભાઈ આસન પર બેસશે. બોલો છે કબૂલ?

હાથી : ગધેડો (બેઉ) : કબૂલ છે કબૂલ.

[વાંદરો પચીસ પૈસાનો સિક્કો ઉછાળે છે. સિક્કો સવળો પડે છે. ગધેડો નાચી ઊઠે છે.]

ગધેડો : સિક્કો સવળો પડયો. હવે આસન પર હું બેસીશ.

[ગધેડો આસન પર જઈ બેસે છે અને હાથી ક્રોધમાં ધૂંવાપૂંવા થતો દૂર જઈ બેસે છે.]

વાંદરો : હાથીભાઈ, તમે આમ ગુસ્સો કરો એ ન ચાલે! કુદરતનો નિર્ણય હસતા મોઢે ખેલદિલીથી સ્વીકારો એમાં જ તમારી શોભા છે.

ગધેડો : હા, હાથીભાઈ, હું જો હાર્યો હોત તોપણ ખેલદિલીથી એ સ્વીકારી લેત. તમે નારાજ ન થાવ.

વાંદરો : હં...તમે તો મોટા છો, થોડા ઉદાર બનો. આ ગર્દભ આસન પર બેઠો એમાં શું થઈ ગયું ? આખરે તો એ આપણામાંનો જ એક છે.

હાથી : (પરાણે હસી) મારા મનમાં, તું કહે છે એવું કશું જ નથી.

ગધેડો : મનમાં કશું ન હોય તો...તો ઘણું ઉત્તમ.

વાંદરો : હા...હાથીભાઈ જેવા પડખે હોય તો...તો આપણને ઊની આંચે નહિ આવે.

ગધેડો : અરે, આંચ તો નહિ આવે એ નહિ આવે...પણ આપણી એકતાનેય કોઈ તોડી નહિ શકે.

વાંદરો : તે હેં હાથીભાઈ, આ બધાંને ચાર પગ છે અને તમારે પાંચ કેમ ?

હાથી : પાંચ પગ !! મારે પાંચ પગ ! કયા ગધેડાએ તને કહ્યું કે હાથીને પાંચ પગ હોય છે ?

વાંદરો : કહ્યું તો કોઈએ નથી. (સૂંઢને અડી) પણ આ...

હાથી : અલ્યા મૂરખ આ પગ નથી, આ તો મારી સૂંઢ છે, મારું નાક છે.

ગધેડો : (મજાકમાં) તે તમારું નાક આટલું લાંબું અને લટકતું કેમ ? શું એ તમને તકલીફ નથી આપતું ?

હાથી : ના, એ તકલીફ નથી આપતું. મારે તો એ બહું કામનું છે.

ગધેડો : નાક તો બધાંયને કામનું હોય છે. એ કોઈને માટે નકામું નથી હોતું. પણ તમારું આ નાક...

હાથી : એ છે ને તે મારે માટે હાથનું કામ કરે છે (સૂંઢ ઊંચી કરી) હું મારી આ સૂંઢ વડે પાણી પી શકું છું.

વાંદરો : તો પછી સૂંઘવાનું કામ ?

હાથી : સૂંઘવાનું કામ પણ મારી આ સૂંઢ જ કરે છે. તમે ન જાણતા હો તો કહું, મારી આ સૂંઢમાં સૂંઘવાની શક્તિ મોટી છે. અને અમને એના વડે જ આવનાર જોખમ વિષે ખબર પડી જાય છે.

ગધેડો : ગજબ કહેવાય. તમારી સૂંઢનું કામકાજ તો ભૈ જબરું છે.

વાંદરો : જબરું એટલે ! આ સૂંઢથી હાથીભાઈ મોટાં મોટાં વૃક્ષો ઉખાડીને ફેંકી દે છે. અને જો આ પાયલી (નીચે ફેંકી), હાથીભાઈ, આ સિક્કો ઉઠાવીને જરા ગધેડાને બતાડો તો ?

[હાથી પોતાની સૂંઢ વડે સિક્કો ઉઠાવી બતાવે છે એટલે ગધેડો તાળી પાડી બોલી ઊઠે છે]

ગધેડો : વાહ હાથીભૈ વાહ. તમે તો આજે કમાલ કરી દીધી.

વાંદરો : અરે, હાથીભાઈએ તો હજી સિક્કો જ ઉઠાવ્યો છે. પણ જો તું તેમને આ સૂંઢ વડે વાજું વગાડતાં જુએ ને તો...તો ચકરો જ ખાઈ જાય.

ગધેડો : હાથીભાઈ અને વાજું...વાજું વગાડે છે, ને તે આ સૂંઢથી!

વાંદરો : હાથીભાઈ લ્યો...આ વાજું...અને આ ગધાડાને એક વાર બતાડી આપો કે તમને કુદરતે કેવી કેવી શક્તિ આપી છે.

[હાથી એ વાજું સૂંઢમાં પકડે છે ત્યાં]

ગધેડો : હાથીભાઈની શક્તિ પર મને વિશ્વાસ છે. પણ વાંદરાભાઈ, મને લાગે છે કે હાથીભાઈનું વાજું આપણે બેઉ એકલા સાંભળીએ એના કરતાં એક દિવસ આ જંગલનાં તમામ પ્રાણીની સભા ભરી એમાં એમનો કાર્યક્રમ ગોઠવીએ તો?

વાંદરો : એકદમ ઉત્તમ. બોલો ક્યારે સભા ગોઠવો છો?

ગધેડો : હાથીભાઈ કહે ત્યારે.

હાથી : હમણાં આ ચોમાસું જવા દો. પછી ક્યારેક ગોઠવીશું.

વાંદરો : ભલે ચોમાસા પછી...પણ દિવાળીના તહેવારોમાં રાખીએ તો?

હાથી : મને વાંધો નથી. પણ વાંદરભાઈ એ દિવસે પછી તમારેય તમારી કલા બતાડવી પડશે.

વાંદરો : જરૂર. પણ હાથીભાઈ તમારા આ બે દાંત આટલા લાંબા છે તે ખાતા ફાવે છે?

ગધેડો : અબે ગધા. તું આ જે દાંત જુએ છે તે અસલી નથી.

વાંદરો : અલ્યા હું તો વાંદરો છું ને વાંદરો જ રહીશ. પણ તું તારી જાત પર કેમ જાય છે? જરા અહીં આવ અને જો. હાથીભાઈના આ દાંત તો અસલી છે.

ગધેડો : તારી વાતને જેમ હું ખોટી નથી કહેતો તેમ મારી વાતને પણ ખોટી નથી ગણતો. હાથીભાઈને તો બે પ્રકારના દાંત હોય છે: ખાવાનાય જુદા અને બતાડવાનાય જુદા.

વાંદરો : સમજ્યો, તો હાથીના દાંત બતાડવાના દાંત છે અને અસલી ખાવા માટેના તો તેમના મોંમાં છે એમ જ ને?

ગધેડો : હા. એમના લાંબા લાંબા તીણા જે દાંત છે એ તો એમને પોતાના રક્ષણ માટે કામ આવે છે.

વાંદરો : છતાં તમારા બેઉમાં એક વાત સરખી છે.

ગધેડો : હેં. શું કહ્યું તેં ? અમારા બેઉમાં એક વાત સરખી છે ?

વાંદરો : હા અને તે એ કે તારા કાન પણ મોટા છે અને....

હાથી : મારું તો બધું મોટું છે–નાક, દાંત, કાન અને આખું શરીર.

ગધેડો : બસ એકલી બુદ્ધિ જ નાની.

હાથી : (ખિજાઈને) બેવકૂફ, મને તું અક્કલનો બારદાન કહે છે એના કરતાં તારી જાતને જો. જગતમાં જે મૂરખ હોય છે તેને બધા જ 'ગધેડો' કહે છે, 'હાથી' નહિ, સમજ્યો ?

ગધેડો : આ મોટી જોઈ ના હોય તો બુદ્ધિવાળી.

વાંદરો : એ ગર્દભરાજ, તમે ઊંચા આસને બેઠા છો એટલે એમ ન સમજશો કે તમને બીજાનું અપમાન કરવાનો અધિકાર મળી ગયો છે. જરા વાણી પર લગામ રાખો અને વડીલોની આમન્યા રાખતાં શીખો. નહિ તો પછી...

ગધેડો : શું કરશો તમે?

વાંદરો : અમે! અમને પડકારવામાં મઝા નથી. ઘડીના છઠ્ઠા ભાગમાં કાન પકડી આસન પરથી ઉઠાડી મૂકીશું.

ગધેડો : એમ, તમને તમારી તાકાત પર એટલો બધો ઘમંડ છે?

વાંદરો : ઘમંડ તો તમને છે. અમે હજી તમને સમજાવીએ છીએ કે સંઘબળ સામે કોઈનું ગુમાન ટક્યું નથી અને ટકવાનુંય નથી.

હાથી : હા, જે બહુ કરે તે થોડા દહાડા. હવે ડાહ્યો હોય તો આટલામાં સમજી જા અને નાના મોટા સૌનું માન રાખતાં શીખ તો એમાં જ તારું કલ્યાણ છે.

ગધેડો : (હાથીને પગે લાગી) હાથીભાઈ, મારી ભૂલ થઈ ગઈ. મને માફ કરો.

હાથી : જોયું? ગરજવાનને અક્કલ ન હોય તે આનું નામ. આવી ગયોને ઠેકાણે?

વાંદરો : ચાલો...એ આટલેથી જ સમજી ગયો તે સારું થયું. હવે એને માફ કરી દો. નાનાને તેમની ભૂલો માફ કરવામાં જ તમારી મોટાઈ છે.

હાથી : તું કહે છે તો જા...આ તેને માફ કરી દીધું. પણ આપણે શેની વાત કરતા હતા?

ગધેડો : આપના કાનની.

વાંદરો : તો પછી તું બુદ્ધિનું પ્રદર્શન શા માટે કરતો હતો?

ગધેડો : (બેઉ હાથ જોડી) હવે નહિ કરું મારા બાપ! તું એ લપ મૂકે તો સારું.

વાંદરો : લપ તો તું કરતો હતો. પણ જવા દો એ વાત. અને હાથીભાઈ, કહો. તમારા આ સૂપડા જેવા કાન તમને કઈ રીતે મદદરૂપ છે?

હાથી : (કાન હલાવી) મારા આ કાન જોઈ ઘણા એમ સમજે છે કે તે પંખાનું કામ કરે છે. પણ ખરેખર એવું નથી. હું તો આ કાન વડે બધું જ સાંભળી શકું છું.

વાંદરો : સાચી વાત છે. કાનનો ઉપયોગ સાંભળવા માટે જ થાય પણ તમે તે હલાવ્યા કરો છો તેનું શું કારણ?

હાથી : કાન હલાવ્યા કરવાનું કારણ એક તો અમને ગરમી બહુ લાગે છે ને કાનમાં જ ગરમા ગરમ લોહી આવે છે તે અમે અમારા કાન સતત હલાવ્યા કરીએ તો ઠંડું પડી જાય છે.

વાંદરો : સમજાઈ ગયું. પછી એ લોહી શરીરમાં જાય એટલે શરીર પણ ઠંડું રહે. એમ જ તમારું કહેવું છે ને?

હાથી : હા, પણ એય ગધા...તારે કંઈ પૂછવું છે?

ગધેડો : હું વળી શું પૂછું?

હાથી : તારે જે પૂછવું હોય તે...

ગધેડો : હં...હં...કહું..., છેને છેને તે... તમને નહાવાનું બહુ ગમે છે. સવાર-સાંજ તમે લોકો પાણીમાં જ બેસી રહો છો. અમને તો એવું મુદ્દલ ગમતું નથી, તો તમને નહાવાનો આટલો બધો કેમ શોખ છે?

હાથી : તું હજી મૂરખનો મૂરખ જ રહ્યો. આ તો સીધી વાત છે, પાણી અમને બહુ જ ગમે છે. વળી અમારી ચામડી જાડી એટલે નહાવાથી ગરમી દૂર થતાં શરીર ઠંડક અનુભવે છે એ તો જગજાહેર વાત છે.

ગધેડો : પણ બીજી એક વાત – આ વાંદરાઓની જમાત સમૂહમાં જ હરેફરે છે. પણ અમે તો એકલા જ રહીએ છીએ – તો શું તમે લોકો બીકણ છો?

હાથી : અમે બિલકુલ બીકણ નથી. તમે એકલા રહો છો કારણકે માણસ તમને ભેગા રહેવા દેતા નથી.

વાંદરો : હા. ને અમારા કે હાથીઓના સમૂહમાં રહેવાનું એક કારણ છે. અને તે એ કે ભેગા રહેવાથી અમે અમારું તથા બચ્ચાંઓનું રક્ષણ કરી શકીએ છીએ.

હાથી : એ તો અહીં અમારી વસ્તી થોડી છે, બાકી તમે અમારા પ્રદેશમાં આવીને જુઓ તો ખબર પડે – એકલ દોકલ હાથી તો તમને જોવા જ

ન મળે. એ સો...સો ને બસો હાથીઓનું ઝૂંડ એક સાથે ફરતું દેખાય.

વાંદરો : (ગધેડાનો કાન ખેંચી) સાંભળ, સંપથી સાથે રહેવામાં જ સુખ છે તે એકલા રહેવામાં નથી.

હાથી : હાસ્તો. એકલું પ્રાણી કપરા સંજોગોમાં ટકી પણ કેટલું શકે ? સૌએ સંપથી રહેવામાં જે મીઠાશ છે તે એને નહિ સમજાય. કેમકે એ લોકો જો એટલું સમજ્યા હોત તો તેઓને ક્યારેય ગુલામી વેઠવી ન પડત.

ગધેડો : ખરી વાત છે. અમારામાં એટલી સમજણ નથી એટલે તો બધા અમને ગધેડા તરીકે ઓળખે છે. પણ હજી એક વાત મને નથી સમજાતી. તમને જો વાંધો ન હોય તો પૂછું !

હાથી : પૂછ...તારે જે પૂછવું હોય તે પૂછ.

ગધેડો : (અચકાતાં અચકાતાં) હાથીભાઈ...તમે... તમે...તમે તો આટલા મોટા છો...તો...તો તમારાં ઈંડાંય કોળા જેવડાં મોટાં હશે નહિ ?

હાથી : મૂરખ રે મૂરખ, તને કોણે કહ્યું કે અમો

ઈંડાં મૂકીએ છીએ? અરે ગાંડા, અમેય તમારી જેમ બચ્ચાને જન્મ આપીએ છીએ. અને તમે જેમ તમારા બચ્ચાને બાલકું કહો છો તેમ અમે અમારા બચ્ચાને મદનિયું કહીએ છીએ.

વાંદરો : વાત તો તમારી મઝાની છે. પણ તમે રહો છો ક્યાં?

હાથી : આ જંગલમાં જ. પણ એમાં અમે કદી એક જગ્યાએ રહેતા નથી.

વાંદરો : સમજાયું.

ગધેડો : શું સમજાયું?

વાંદરો : શું સમજાયું તે...હાથીભાઈને પુષ્કળ ખાવા અને ખાણી પીવા જોઈએ એટલે તે હંમેશાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ફરતા રહે છે.

ગધેડો : ઓહ, એક જગ્યાએથી બીજી જગ્યાએ ફરતા રહેવામાં તો મોટું જોખમ. શું એમને માણસ હેરાન નથી કરતો?

વાંદરો : ના. કેમકે હાથી માણસને બહુ જ કામમાં આવે છે. મોટાં મોટાં વૃક્ષો એ પોતાની

સૂંઢની મદદથી એક જગ્યાએથી બીજી જગ્યાએ ખસેડી આપે છે. સરકસમાંય ખેલ કરે છે. બાળકોને તો હાથીભાઈ ખૂબ ગમે છે. એટલે તો એક ખાસ માણસ તેમની ખૂબ સંભાળ રાખે છે.

ગધેડો : લ્યો હાથીભાઈ તો ત્યારે ઘણા નસીબ-દાર કહેવાય. અને અમે....

હાથી : (વચ્ચે જ) તારી વાત તું જાણે...વાત વાતમાં તો સૂરદાદા ઉપર આવી ગ્યા. ચાલો હું ઊઠું. મને તો ખૂબ ભૂખ લાગી છે.

[ વાંદરો પણ હાથી સાથે ગાતો ગાતો જાય છે. એ ગીતમાં બીજા પણ સૂર પૂરાવે છે : ]

સૂરજદાદા ઓ સૂરજદાદા
રોજ સવારે ઝળકો.
તમારી માયા અપરંપાર.
તમે અમારા દાદા
અને અમે તમારાં બાળ.
સૂરજદાદા... ઓ... સૂરજદાદા.

[ હાથી અદશ્ય થતાં જ પોપટ ઊડીને ગધેડા પાસે આવીને કહે છે ]

પોપટ : લાંબા લાંબા કાન

ને નાનામાં નાની પૂંછ
નથી તમારે મૂછ
પછી હવે તો બોલો કે
હે પોપટ ! તારે જે પૂછવું હોય તે પૂછ.

ગધેડો : અરે હા...તને તો પૂછવાનું ભૂલી ગયો કે બહાર કોઈ છે ?

પોપટ : જો એક પ્રાણી છે. કહે છે હું બહુ દૂરથી છેક રણમાંથી આવું છું. તમે કહો તો મોકલું.

ગધેડો : દેખાવે કેવું છે ?

પોપટ : હજૂર, આપનું તો એક જ વાંકું છે, પણ એનાં તો અઢારે વાંકાં છે. જ્યારથી આવ્યું છે ત્યારથી ઉત્પાત મચાવે છે. હવે આપ કહો તો મોકલું.

ગધેડો : (માથું ફૂટતાં) એ દૂરથી આવ્યું છે એટલે મળવું તો પડશે જ. પણ એમ કર...એને કહે કે ગર્દભરાજ હમણાં થોડા કામમાં છે. એટલે થોડી વાર રાહ જો.

પોપટ : થોડી વાર એટલે કેટલી વાર રાહ જોવી પડશે ?

ગધેડો : અલ્યા ભૈ, તું સમજતો કેમ નથી? આવનાર છે રણનું પ્રાણી. એમાંય અંગે વાંકું. એટલે થાય છે તેને મળતા પહેલાં હું જરા મારું કામ કરી લઉં પાકું.

પોપટ : ભલે. તો હું એને થોડી વાર વાતોમાં રોકી રાખું છું.

ગધેડો : હા. અને એ વાતોમાં ને વાતોમાં જાણી લે કે તેના આગમનનો હેતુ શો છે?

પોપટ : ભલે મહારાજ.

[ પોપટ પાછો ઊડી જાય છે. ]

ગધેડો : બંદરમહારાજ અરે ઓ બંદર-મહારાજ!

વાંદરો : કેમ શું છે પાછું ?

ગધેડો : મને તો એમ કે હાથીભાઈની સાથે તમેય ગયા. પણ ચાલો, પાછા આવ્યા તે સારું કર્યું.

વાંદરો : હવે આડીતેડી વાત કર્યા વગર સીધી વાત કર. તને શું તકલીફ છે?

ગધેડો : તકલીફમાં તો બહાર રણનું એક પ્રાણી આવીને બેઠું છે. કહે છે કે તે બહુ વાંકું છે.

વાંદરો : ઓહ... તો તું પેલો બહાર બેઠો છે એની વાત કરે છે એમ ને?

ગધેડો : હા પણ કહે છે કે તે બહુ વિચિત્ર છે. એટલે જો તું હાજર રહે તો તેને બોલાવું.

વાંદરો : બોલાવ બોલાવ, એનાથી તારે ગભરાવાનું કોઈ કારણ નથી. આપણે જંગલનાં પ્રાણી છીએ તો એ છે રણનું પ્રાણી. આજુબાજુના પ્રદેશનાં પ્રાણી સાથે દોસ્તી કેળવવાનો આ સુઅવસર છે. તું વિવેકમાં જરાય પાછો ન પડતો. આગતા-સ્વાગતામાં તું તારે એને પાણી પાણી કરી નાંખ.

ગધેડો : તું કહે છે તો ચાલો. જય ડફણેશ્વર મહાદેવ (બૂમ પાડે છે) પોપટ... અલ્યા ઓ પોપટ.

[ પોપટ અંદર આવીને ]

પોપટ : જી, મહારાજ.

ગધેડો : પેલા અઢારે અંગે વાંકા પ્રાણીને અંદર મોકલ.

પોપટ : જી હજૂર.

[ ઊડીને બહાર જાય છે ને ઊંટને અંદર મોકલે છે. અને એને જોઈ ગધેડો વાંદરાના કાનમાં કહે છે ]

ગધેડો : અલ્યા...આનાં તો અઢાર નહિ પણ અડસઠે વાંકાં છે.

વાંદરો : છાનીમાની ઊભી થા અને આવકાર આપ. મને તો આ રણપ્રદેશનો રાજા લાગે છે.

ગધેડો : (ટટ્ટાર થઈ) પધારો...પધારો...રણ-પ્રદેશના મહેમાન. આવો અહીં અમારા આસને બિરાજો.

ઊંટ : જી..., આપના આસને? નહિ... નહિ...કોઈના આસન પર બેસવાનો અમારે ત્યાં રિવાજ નથી. હું તો અહીં જ બેસીશ.

[ એક બાજુ બેસે છે. ]

ગધેડો : ભાઈ, તમે તો અમારા મહેમાન... ત્યાં બેસો એ ન ચાલે. આવો અહીં બેસો.

ઊંટ : ના...ના...હું અહીં જ સારો છું.

[ ડોક ઊંચી કરી ઝાડનાં પાંદડાં મોંમાં લઈ વાગોળે છે. વાંદરો એ જોઈ ગુસ્સે થવા જાય છે. પણ ત્યાં ગધેડો બોલે છે ]

ગધેડો : ભાઈ, તું નથી ઘોડો કે નથી ગધેડો.

વાંદરો : નથી બંદર કે નથી હાથી.

ગધેડો : કૃપા કરીને આપની ઓળખ આપશો?

ઊંટ : હું છું ઊંટ.

વાંદરો : (ગધેડા સામે જોઈ) ઊંટ.

ગધેડો : (વાંદરા સામે જોઈ) હં...ઊંટ.

ઊંટ : હા ઊંટ. રણનું જહાજ ઊંટ.

વાંદરો : મજાક ન કર...સાચેસાચું કહે. તું ઊંટ છે કે જહાજ છે?

ઊંટ : હું સાચું જ કહું છું. મને બધા જ રણનું જહાજ કહે છે.

ગધેડો : 'લ્યા તારી અક્કલ તો ઠેકાણે છે ને?

વાંદરો : ફરી પાછી અક્કલની વાત કાઢી? રણમાં તો રેતી હોય છે.

ગધેડો : ખબર છે એટલે તો એને મુરુભૂમિ કહે છે.

ઊંટ : બરાબર એ મરુભૂમિમાં જ્યાં મોટરે નથી ચાલતી કે રેલગાડીયે નથી જઈ શકતી. બસ

જ્યાં જુઓ ત્યાં રેત રેત અને રેત. આ ગધેડો મને નથી ઓળખતો. પણ હું એને બરાબર ઓળખું છું.

ગધેડો : તું...તું મને ઓળખે છે?

ઊંટ : લે કર વાત. ગધેડાને કોણ ન ઓળખે? તારા જાતભાઈઓ તો અમારે ત્યાં તારા કરતાંય ઊંચા અદ્દલ ઘોડા જેવા છે.

વાંદરો : ગપ્પાં ન માર. રણમાં તો પાણી પણ નથી મળતું હોતું!

ગધેડો : હા અને પાણી પીધા વગર તે કોઈ જીવી શકે ખરું?

ઊંટ : અમે જીવીએ જ છીએ ને!

વાંદરો : તે તમે બિલકુલ પાણી નથી પીતા?

ઊંટ : પાણી નથી પીતાં એમ તો કેમ કહેવાય? ખરી વાત તો એ છે કે અમે એક વાર પેટ ભરીને પાણી પી લઈએ પછી અમને અઠવાડિયાં કે મહિનાઓ સુધી પાણી ન મળે તો ચાલે.

ગધેડો : ફેંકાફેંક ન કર. એક વાર પાણી

પીધા પછી અઠવાડિયાં કે મહિનાઓ સુધી પાણી ન પીએ તો ચાલે એવું તે કદી બનતું હશે?

ઊંટ : જો ભાઈ, રણમાં પાણી નથી મળતું એ વાત તો તમે સ્વીકારો છો ને?

વાંદરો : અમે તો સ્વીકારીએ છીએ પણ તું ક્યારનો ડિંગ હાંકયા કરે છે.

ઊંટ : વાંદરાભાઈ, મારી વાતો તમને ડિંગ લાગે છે પણ એ ડિંગ નથી. રણમાં પાણી મળતું નથી એટલે તો અમે એવા વાતાવરણમાં જીવવાનું શીખી લીધું છે.

ગધેડો : હા...તમે એ શીખી લીધું હશે પણ....

ઊંટ : મારી વાત તો સાંભળો.

વાંદરો : સારું, બોલ.

ઊંટ : જુઓ અમે એક વાર પાણી પી લઈએ પછી તેને અમારા શરીરમાં સંભાળીને રાખીએ છીએ. અને જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે તેનો ઉપયોગ ખૂબ કંજૂસાઈથી કરીએ છીએ એટલે જ

અમને મહિનાઓ સુધી પાણી ન મળે તોપણ અમે જીવી શકીએ છીએ.

ગધેડો : તમારી ધીરજ ખરેખર ધન્યવાદને પાત્ર છે, ઊંટભાઈ.

વાંદરો : હા. પણ રણમાં તો ઘાસ હોય નહિ પછી તમે ખાવ છો શું ?

ઊંટ : સાચી વાત છે. રણમાં ઘાસ-ફાસ હોતું નથી. ત્યાં તો માઈલો સુધી કાંટાવાળી ઝાડી કે પછી કંઈક સૂકું–સડેલું મળે તે ખાઈ લઈએ.

ગધેડો : ટૂંકમાં અમે જે નથી ખાઈ શકતા તે બધું જ તમે ખાવ છો, કેમ ?

વાંદરો : હા, એટલે તો આપણે ત્યાં કહેવત છે ઊંટ મેલે આકડો અને બકરી મૂકે કાંકરો.

ગધેડો : પણ એવું આચર-કૂચર ખાવાથી તો પેટમાં ના દુઃખે ?

ઊંટ : (હસે છે) આચર-કૂચર ખાઈએ તો તો.... પેટમાં દુઃખે. પણ છેને તે અમને કશું થતું નથી એનું કારણ એ છે કે અમે કદી કશું ચાવતા જ નથી.

સીધું ગળી જઈએ છીએ. અને જ્યારે પણ થોડો સમય મળે કે તરત જ ખાધેલી ચીજ ફરીથી મોંમાં લાવી ચાવી ચાવીને પાતળી કરી પાછી પેટમાં પધરાવી દઈએ છીએ.

ગધેડો : (વાંદરા સામે જોઈ) સાંભળ્યું આ મહેમાન કહે છે એ ?

વાંદરો : સાંભળ્યું. પણ મને એક વાત નથી સમજાતી કે એ કાંટા–બાંટા ખાય તો જીભને નુકશાન ન પહોંચે ?

ઊંટ : અરે મારા વાંદરાભાઈ. જરા મારી આ જીભ જુઓ (જીભ બતાડે છે). અમારી જીભને કેમ કશું નથી થતું તે હવે સમજાય છે ?

વાંદરો : હા... થોડુંક થોડુંક.

ગધેડો : થોડુંક થોડુંક એટલે ?

વાંદરો : અબે ગધા, તેં જોયું નહોતું એની જીભ કેવી ખરબચડી હતી ?

ગધેડો : અચ્છા તો વાત એમ છે. ઊંટભાઈની

જીભ ખરબચડી છે એટલે એ કાંટા–ઝાંખરા ખાય છે તોય તેને કશું નથી થતું.

ઊંટ : હા...હવે તું સમજ્યો એ સાચું.

વાંદરો : પણ એ ઊંટભાઈ, તમારી પીઠ પર તમે આ ટોપલી કેમ ઊંધી વાળી છે?

ઊંટ : અલ્યા વાંદર, આ ગધેડાની સાથે રહી તારી બુદ્ધિયે હવાઈ ગઈ છે કે શું? મૂરખ, આ ટોપલી નથી, આ તો મારી પીઠ છે.

ગધેડો : પીઠ! આ ટેકરીને તું તારી પીઠ કહે છે?

ઊંટ : હા, મારી પાછળ જે વચ્ચેથી ઊંચી અને ગોળાકાર ટેકરી જેવું છે એ મારી પીઠ છે. અને હકીકતમાં તો તે ખરાબ સમય માટે ભોજન સંભાળીને રાખે છે. એટલે જ્યારે અમને ખાવાનું ન મળે ત્યારે એમાં રહેલી ચરબી જ અમને કામ આવે છે.

ગધેડો : ગજબ કહેવાય. તમે ખાધા-પીધા વગર ટકી શકો છો એ જબરી વાત છે. અમે તો એ રીતે એક પળ પણ ન રહી શકીએ.

ઊંટ : ગધ્ધાભાઈ, તારામાં ને અમારામાં ઘણો ફરક છે. ખરી વાત તો એ છે કે અમારા પેટમાં ઘણાં ખાનાં હોય છે. ને એમાં અમે અમારું ખાવાનું સંભાળીને રાખીએ છીએ. અને જ્યારે જરૂર પડે ત્યારે તેમાંથી થોડું થોડું ખાઈએ છીએ.

વાંદરો : બરાબર છે. પરંતુ થોડું થોડું ખાવ તોય ભૂખ્યા પેટે થોડું દોડી શકાય?

ઊંટ : (હસીને) કદાચ તમારા માન્યામાં નહિ આવે પણ આ સાવ સાચી વાત છે. એક વાર એક ઘોડો અને હું બેઉ સાથે દોડતાં હતાં. લગભગ સો માઈલ સુધી અમે દોડતાં રહ્યાં. પણ પછી શું થયું એ જાણો છો?

વાંદરો : થાય શું..., ઘોડો જીતી ગયો હશે?

ઊંટ : ના રે ના...રણમાં એમ એ જીતી જાય તો...તો...ખલાસ...

ગધેડો : એટલે શું ઘોડો હારી ગયેલો?

ઊંટ : હારી તો ગયેલો પણ એવો બેસી ગયેલો કે અઠવાડિયા સુધી ઉભોય નહોતો થઈ શક્યો.

ગધેડો : વાંદરભાઈ, આ ઊંટિયુ જાનવર નહિ પણ મશીન લાગે છે, નહિ?

વાંદરો : અલ્યા...તું ક્યાં સુધી આવો ને આવો રહીશ? મશીન આવું હોય! અરે, આ પણ આખરે એક જાનવર જ છે.

ઊંટ : ખરી વાત છે. હું છું તો જાનવર. આ ગધેડા જેવું જ. જેમ એ બોજ ઉઠાવે છે તેમ હુંય ઉઠાવું છું.

ગધેડો : (ઊંટ સામે પગ લાંબો કરી) દે તાલી. આખરે એક બાબતમાં આપણે બેઉ સરખા નીકળ્યા ખરા.

વાંદરો : લ્યો...આ ભાઈસાહેબ ફૂલાઈને ફાળકો થઈ ગયા. પણ એને ક્યાં ખબર છે કે ઊંટની દુશ્મની તો સૌથી બૂરી.

ગધેડો : શું બોલ્યો 'લ્યા?

વાંદરો : મને પૂછ્યા વગર આ ઊંટને પૂછ. જો એ કંઈક તને કહેવા માંગે છે.

ગધેડો : હેં ઊંટભાઈ! તમે મને કંઈ કહેવા માંગો છો?

ઊંટ : હા...એક નાનકડો સવાલ.

ગધેડો : પૂછો...પૂછો, શું પૂછવું છે તમારે?

ઊંટ : હું તો એટલું જ પૂછવા માંગું છુ કે જો કોઈ તમને મારે અથવા તમારું કંઈ ખરાબ કરે – તો શું, તમે એ ભૂલી શકો?

ગધેડો : ભૂલી તો નથી શકતો. પણ કશું કરીયે નથી શકતો. કેમકે જો બૂમો પાડું તો બે લાકડી વધુ પડે. અને ચીસ નાંખું તો....

વાંદરો : કહેને કે લાતોનો વરસાદ.

ગધેડો : બળ્યું તમે બધું જાણો છો તોય મારા મોઢે શીદ બોલાવો છો?

ઊંટ : એમ નિરાશ થવાની જરૂર નથી. આપણે કામ કરીએ અને છતાંય માર ખાઈએ તે ભૂલી તો ન જ શકાય. પણ તોય આપણી એક ઇજ્જત છે.

વાંદરો : ઇજ્જત તો દરેકને હોય છે. ને એટલે તો તમને લોકોને રણ માટે લાયક ઠેરવ્યા છે.

ગધેડો : અને તને? તને શું ઝાડ પર કૂદાકૂદ કરવાની લાયકાત બક્ષી છે?

વાંદરો : (હસીને) એમ માને તો એમ. પણ તું તો બોજ ઉપાડવા જ સર્જાયો છે.

ગધેડો : એટલે તું મારી મશ્કરી કરે છે કેમ ?

વાંદરો : લ્યો કહો. આ તો છીંડે ચઢ્યો એ ચોર. અલ્યા ગધ્ધા. તારી મશ્કરી તો આખી દુનિયા કરે છે. હવે તું લાખ કોશિશ કરે તોય ઊંટની તોલે ના આવે એ ના જ આવે.

ગધેડો : ના કેમ આવીએ, એક–બે બાબતમાં તો અમે સરખા છીએ.

વાંદરો : ખોટો વહેમમાં ના રહે...ક્યાં ઊંટ અને ક્યાં તું ! જરા એની ગરદન જો, કેટલી લાંબી છે ? એ લાંબી ગરદન વડે તો તે ઊંચાં ઊંચાં ઝાડ તોડી શકે છે.

ઊંટ : હા. અને મારી પાંપણ જો. મારે તો બેવડી પાંપણ છે બેવડી.

વાંદરો : હા...એ બેવડી પાંપણને લીધે તો રણમાં રેત ઊડતી હોય ત્યારે તેની આંખમાં રેતનો એક કણે નથી જતો. અને પગ. ઊંટભાઈ, આને

જરા તમારા પગ બતાડો તો ? [ઊંટ પગ બતાડે છે.] જોયું એમના પગ નીચેથી કેવા ચપટા છે?

ઊંટ : અરે ભાઈ, મારા પગ ચપટા છે ત્યારે તો એ રેતીમાં ધસાતા નથી. પણ એક વાત છે. હું અભિમાન નથી કરતો. અમે રણના માણસોને ઘણા કામ આવીએ છીએ. અમારું દૂધ જ એમનો મુખ્ય ખોરાક છે.

વાંદરો : (ગધેડાને) અલ્યા એ આ ઊંટ કહે છે તે સાંભળ્યું ! લે હવે કર તું તારી જાત સાથે એની સરખામણી !

ઊંટ : વાંદરભાઈ, ગર્દભરાજને તમે આમ સાવ ઉતારી ના પાડો. એમનામાંય એક ઉમદા ગુણ છે. દુઃખની વાત તો એ છે કે તે આટલા મહેનતુ હોવા છતાંય એમની કદર નથી થતી. પણ આમાં હતાશ થવાની કંઈ જરૂર નથી. એક સમય એવો જરૂર આવશે જ્યારે આપણી જ બોલબાલા હશે. ચાલો, હું હવે ઊઠું.

ગધેડો : બસ, તો તમે જાવ છો ?

ઊંટ : હા, અહીં રહીનેય શું કરું ? હું તો રણનો જીવ...પણ જતાં પહેલાં જંગલનાં તમામ પ્રાણીઓને મારા અભિનંદન.

વાંદરો : અભિનંદન...?

ઊંટ : હા વાંદરભાઈ, અભિનંદન. અને તે આટલા માટે કે તમે સૌએ ગધેડાની કિંમત કરી એને આસન આપી એનું જ નહિ બલકે આસન-નુંય ગૌરવ વધાર્યું છે. અને એક મહેનતકશ પ્રાણીને બિરદાવ્યું છે.

[ ગધેડાનું મુખ આભારની લાગણીથી ઊંટ પાસે ઝૂકી જાય છે ને ઊંટ તેની ગરદન નમાવી એના ઝૂકી ગયેલા ચહેરાને ઊંચો કરે છે. વાંદરો આ જોઈ ઝાડ પર ચઢી જાય છે. અને ગધેડો તથા ઊંટ એકબીજાને થોડીક ક્ષણ તાકી એકબીજાના ગળાં ઘસે છે. ત્યાં, પોપટ ઊડીને આવે છે અને કહે છે ]

પોપટ : મહારાજ...ઓ મહારાજ...

ગધેડો : (ગળગળો થઈ) તું અત્યારે જા અહીંથી.

પોપટ : પણ હજૂર....

ગધેડો : (ગુસ્સામાં) તને કહ્યું તો ખરું...ચાલ, ભાગ અહીંથી.

ઊંટ : પોપટ પર ગુસ્સે ના થાવ ગધાભાઈ, એ શું કહેવા માંગે છે તે તો સાંભળો.

ગધેડો : વાત શું સાંભળું? વળી પાછું કોઈક આવ્યું હશે. અને આ તો રોજનું થયું.

ઊંટ : રોજનું થયું તોય શું? કોઈ બિચારું આપણી પાસે આશાભેર આવે અને આપણે એને તુચ્છકારીએ તો પછી એ કયાં જાય?

ગધેડો : તમારી વાત ખરી છે પણ મેં આસન સંભાળ્યું એટલે શું મારે મારા જીવન જેવું કંઈ જ નહિ?

ઊંટ : સેવા કરવા બેસીએ એટલે એવું જ થાય. પણ એમાં આ રીતે કંટાળી જઈએ તે ના ચાલે. મોર જેમ પીંછે રળિયામણો હોય છે તેમ સૌનો પ્રેમ જીતીને રહીએ તો તો સોનામાં સુગંધ ભળે.

ગધેડો : સોનામાં સુગંધ ભળે કે ન ભળે તેની તો મને ખબર નથી પરંતુ તમે વળી ફરી કયારે આવવાના હતા? સાચું કહું – તમે જાવ છો એ જોઈને તો મારું હૈયું...

[ ડૂસકું નાંખે છે. ]

ઊંટ : આમ ઢીલો ના થઈશ ભાઈ. હવે હૈયું જરા કઠણ કર... માલિકની ઇચ્છા હશે તો બપોરની સભામાં ફરી મળીશું. ચાલો ખુદા હાફિઝ...

ગધેડો : ખુદા હાફિઝ...

[ ઊંટને જતાં જોઈ ઉદાસ થઈ જાય છે. ત્યાં એના કાનમાં કોઈનો રડવાનો અવાજ સંભળાતાં એ રુંધાયેલા સ્વરે કહે છે ]

ગધેડો : પોપટ... એ પોપટ...

પોપટ : જી... મહારાજ.

ગધેડો : જરા જો તો... આ કોણ રડે છે?

પોપટ : એ તો આપણા વાંદરાભાઈ.

ગધેડો : (વચ્ચે જ) એને વળી પાછું શું થયું ?

પોપટ : બલા જાણે..., એને વળી શું ભૂસું ભરાયું છે તે બધા વાંદરાને ભેગા કરી કહે છે... આપણો આ ગર્દભરાજ તો સાવ પોચકો છે.

ગધેડો : પછી...?

પોપટ : કહે છે કે રાજકાજમાં લાગણી પર કાબૂ ન રાખે એ ગાદી પર બેસવાને લાયક નથી.

ગધેડો : પછી?

પોપટ : પછી શું? એના બિરાદરોએ તેને બરાબર ઝાટક્યો કે ગધેડાને આસન સોંપવા માટે તું જવાબદાર છે. એટલે તારું કર્યું તું ભોગવ.

ગધેડો : પછી?

પોપટ : હવે એ એના કિસ્મત પર રુએ છે ને કાળું કલ્પાંત કરે છે કે...અરરર, મને એવી તે ક્યાં કુબુદ્ધિ સૂઝી તે મેં સિક્કો ગધેડાની તરફેણમાં નાખ્યો.

ગધેડો : તો હવે?

પોપટ : હવે બીજું શું? તમે એને મનાવી લો. નહિતર આ તો વાંદરો. એની જાત અટકચાળી. ઘરનો દાઝ્યો ગામ બાળે.

ગધેડો : ગામ બાળે એટલે?

પોપટ : જંગલનાં પ્રાણી છે ભોળાં...એમાંય હાથીભાઈ જેવાનો સાથ મળે પછી તમે...

ગધેડો : સમજ્યો...તો એણે મને ઉથલાવી નાંખવા ત્રાગડો રચ્યો છે એમ..., પણ બેટમજીને

ખબર નથી કે હું જાતનો ગધેડો છું. અને બીજાનેય આસાનીથી ગધેડા બનાવી શકું છું.

પોપટ : આપની શક્તિ વિશે કોઈ બે મત નથી. તમતમારે એને થોડોક દારૂ પાવ એટલે...

ગધેડો : શી ઈ...શ, દારૂનું નામ અહીં ન લેવાય. તને ખબર નથી આપણા રાજ્યમાં તો સંપૂર્ણ દારૂબંધી છે?

પોપટ : ભૂલ થઈ ગઈ મહારાજ.

ગધેડો : જે આજે બોલ્યો એ બોલ્યો, હવે ફરી બોલીશ તો ઝાટકે મારીશ.

પોપટ : કદી નહિ બોલું.

ગધેડો : તો જા...એ વાંદરાને કહે કે તને ગર્દભરાજ બોલાવે છે.

પોપટ : ભલે. પણ એ ન આવે તો હાડિયાઓને કહું...

ગધેડો : ના...ના...હમણાં કોઈને કશું કહેવાની જરૂર નથી. તું તારે એને જ કહેજે કે તેં જોયું એ તો એક નાટક હતું.

પોપટ : નાટક!

ગધેડો : હા...રાજકાજમાં કોઈકને ઉલ્લુ બનાવવા માટે કરવામાં આવતું નાટક.

પોપટ : બાપજી, ધીમે, જરા ધીમે બોલો, ક્યાંક ધુવડરાજ આ સાંભળી જશે તો પાછા દરબારમાં પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવશે.

ગધેડો : (કપાળ કૂટતો) ઓહ..., હું વળી ક્યાં આ આસન પર બેઠો. સા...મારી તો બોલવાનીયે સ્વતંત્રતા ગઈ. હું તો કેટકેટલાને સાચવું? સાચે જ આ દુનિયામાં સૌને સાચવવાની નીતિ જ દુષ્કર છે. એકને સાચવવા જઈએ તો બીજો રુઠે. અને બીજાને મનાવવા જાવ ત્યાં, ઉફ...

પોપટ : મહારાજ, વાંદરરાજ પધારી રહ્યા છે. હોશિયાર...સાવધાન..., મોં હસતું રાખો અને પછી...

[ગધેડો જોર જોરથી હસે છે. વાંદરો એ જોઈ સ્તબ્ધ થઈ જાય છે. પણ ગધેડાનું મુક્ત હાસ્ય થોડુંક લાંબું ચાલતાં એની પાસે જઈ કાન પકડીને કહે છે]

વાંદરો : અબ્બ ઓ…, ફરી પાછી સાકર ખાધી છે કે શું ? આ શું ગાંડાં કાઢવા માંડયો છે.

ગધેડો : (માંડ માંડ હાસ્ય અટકાવતાં) બની ગયું. એ વાંદરરાજ, પેલું ઊંટિયું આબાદ બની ગયું.

ગધેડો : ચક્રમ…(ફરી હસે છે) મારું વાલું… આપણને રણપ્રદેશનું આમંત્રણ તો આપતું ગયું એ આપતું ગયું, પણ ઉપરથી પાછું તને આ જંગલના પ્રમુખ બનાવવાનીયે ભલામણ કરતું ગયું.

વાંદરો : મને ! મને…આ જંગલનો પ્રમુખ ?

ગધેડો : હા વાંદરભાઈ હા. તમે તો રિસાઈને જતા રહ્યા પણ પછી એણે શું કહ્યું, ખબર છે ?

વાંદરો : ના.

ગધેડો : અરે…એ તો કહેતું હતું કે આ વાનર બહુ બુદ્ધિશાળી છે. આપણા સૌનો બાપ થાય એવો છે. એનાથી હંમેશાં ચેતીને રહેજે.

વાંદરો : છટ…હું તમારો બાપ નથી. હું તો માણસનો બાપ છું.

ગધેડો : ભલામાણસ...તું અમારો બાપ હોય કે માણસનો બાપ...અમારે મન એથી શો ફરક પડવાનો હતો. પણ મારું બેટું ઊંટિયું, તમારા સમ. એણે તો માની જ લીધું કે આ જંગલનો રાજા ખરેખર હું છું. અને સિંહને તો આપણે વટાવી જ ખાધો છે.

વાંદરો : (દાંત કચકચાવી) ગધ્ધા, જરા ધીરે...ધીરે બોલ...તારો બાપ આટલામાં આંટા મારતો હશે તો સૂરજ આથમતો જોવા નહિ ભાળે.

ગધેડો : હું તો નહિ ભાળું...પણ પછી તું ? શું એ તને છોડશે ? વાહ ભૈ વાહ...મારા પછી તારો...વારો એટલે વારો જ.

વાંદરો : છટ્...સિંહના હાથમાં એમ ઝડપથી અમે ના આવીએ.

ગધેડો : બહુ અભિમાન ન કર.

વાંદરો : અલ્યા આ અભિમાનની વાત નથી. આ તો સાવ સાચી વાત છે. અમે માણસના બાપ છીએ. સિંહ બહુ ડહાપણ કરશે તો એનેય ડબામાં પૂરતાં અમને આવડે છે.

ગધેડો : ધીમે બોલ... મૂરખ ધીમે... તારો બાપ આટલામાં...

વાંદરો : એય બકાલ... એ બાપ હશે તારો, અમારો નહિ, અમે તો માણસના બાપ. જો આ અમારા લાંબા લાંબા હાથ... અને આ અંગૂઠો.

ગધેડો : તો તું અંગૂઠો બતાવે છે કેમ ?

વાંદરો : હાસ્તો. જે ગધેડો હોય એને અંગૂઠો જ બતાવાય ને ?

ગધેડો : હા ભૈ હા... તારું નાક, મોઢું, હાથ અને પગ બધુંય માણસને મળતું આવે છે એટલે તું તારે માર. જેટલો વહેમ મારવો હોય એટલો માર.

વાંદરો : અલ્યા. આ વહેમ નથી. જો આ ખોપરી. તારી તો ખાલી છે. પણ અમારી આ ખોપરીમાં તો બુદ્ધિ ભરી છે.

ગધેડો : ઓહો... બુદ્ધિનું તને આટલું બધું અભિમાન છે ? પછી તું માણસની ડુગડુગી પર કેમ નાચે છે ?

પોપટ : હા...અને એ તમને ગળામાં દોરડું નાંખીને કેમ ફેરવે છે?

વાંદરો : પોપટિયા...તુંય પાછો સવાલ કરતો થયો? કંઈ વાંધો નહિ. તારા સવાલનો જવાબ મારી પાસે છે. જો સાંભળ, માણસમાં થોડી બુદ્ધિ વધારે છે, અને અમારામાં ઓછી.

પોપટ : ખરું ખરું...એકદમ ખરું! જિંદગીના મેદાનમાં વધુ બુદ્ધિવાળા ઓછી બુદ્ધિવાળાને હંમેશાં નચાવે છે.

વાંદરો : તે છતાંય બીજાં પ્રાણી કરતાં અમારી બુદ્ધિ વિકાસ પામેલી છે એટલે તો અમને જાત-જાતના ખેલ શીખતાં વાર નથી લાગતી.

ગધેડો : તું મૂળથી ખેલાડુ છે એની તો અમને ખબર છે. પણ છતાંય તારામાં અને માણસમાં એક તફાવત છે.

પોપટ : શું વાત કરો છો મહારાજ? આ વાંદર અને માણસમાં તફાવત છે?

ગધેડો : હા, આ મારું પોતાનું સંશોધન છે. તારે જોવું હોય તો જોજે. માણસને પૂંછડી નથી.

વાંદરો : તારી વાત ખરી. પણ તું એક વાત જાણે છે? અમારી આ પૂંછડી અમને કૂદતી વખતે સમતોલનના કામમાં આવે છે.

પોપટ : હા...હા...તમને લોકોને મેં ડાળી પર પૂંછડી લપેટી લટકતાં ઘણી વાર જોયા છે. પણ વાંદરભાઈ, તમારામાંય અનેક જાતો હોય છે, નહિ?

વાંદરો : હા...વાંદરામાંય વાનરો, લંગૂર અને વનમાનુષ હોય છે. ને એમાં વનમાનુષને પૂંછડી હોતી નથી એટલે તે માણસ સાથે વધુ મળતો આવે છે.

ગધેડો : મળતાપણાની વાત તો જાણે સમજ્યા. પરંતુ તમે એક જગ્યાએ ઠરીઠામ કેમ બેસતા નથી? કૂદાકૂદ કેમ કરો છો?

વાંદરો : લે કર વાત. અમે કૂદાકૂદ ન કરીએ તો પછી ખાઈએ શું? અમારે માટે કોઈ ખાવાનું થોડું બનાવી લાવે છે? અમારે તો ફળ-ફૂલ એ જ અમારો ખોરાક.

પોપટ : તમે લોકો આટ-આટલું ખાવ છો. છતાં ચીસા-ચીસ બહુ કરો છો!

વાંદરો : અલ્યા. એ ચીસાચીસ તો અમારી ભાષા છે ભાષા. અને એ તો તેં કદી ધ્યાનથી સાંભળ્યું હોય તો ખબર પડે. અમે જાતજાતનાં અવાજ કાઢીએ છીએ. અને એ દ્વારા અમારા સાથીઓને સંદેશાની આપ-લે કરીએ છીએ.

પોપટ : તો એમ વાત છે. આનંદ–ખુશી, શોક-ક્રોધને કારણે તમારા અવાજમાં વિવિધતા હોય છે.

ગધેડો : ઓહો...આમાં નવાઈ પામવા જેવું શું છે? એમ તો હું પણ સરસ ગાઉં છું.

વાંદરો : પણ તારું ગીત કોઈનેય સાંભળવું ગમતું નથી.

ગધેડો : ઊફ...એમાં મારો શો દોષ ? સંગીતનું જ્ઞાન જેમને ન હોય એ શું જાણે કે ગળા ગળામાંય ફરક હોય છે. અને મારું ગળું....

વાંદરો : તારું ગળું તો શ્રેષ્ઠ છે. પણ જોજે પાછો અહીં ગાવા લાગતો!

પોપટ : આમ શું કરો છો? એકાદ ગઝલ... ગીત...., કંઈક થવા દો મહારાજ.

વાંદરો : અલ્યા એ...તું વળી એને ક્યાં પાનો ચઢાવે છે. હવે એ કંઈ થોડો સામાન્ય ગધેડો છે? આ તો ગર્દભરાજ...જરાક તો એની ઇજ્જત-નો ખ્યાલ રાખ.

ગધેડો : વાંદરભાઈ, વાતવાતમાં તમે હંમેશાં તમારી શ્રેષ્ઠતા સાબિત કરો છો. પણ હું કંઈ એમ તમને નહીં સ્વીકારું.

વાંદરો : અલ્યા...તું શું, તારો પીર સ્વીકારશે.

પોપટ : વાંદરભાઈ, ઝઘડો કરવાનો અર્થ નથી. હવે આપણી સભાનો સમય થવા આવ્યો છે. થોડી વારમાં જ બધાં પ્રાણી આવી લાગશે.

ગધેડો : હા ને એમાં આપણે ફેંસલો કરીશું કે જે રૂપમાં, ગુણમાં, બુદ્ધિમાં તથા શક્તિમાં શ્રેષ્ઠ હોય તે જ આપણા પ્રાણીસમાજનો પ્રમુખ બને.

વાંદરો : તો તું મને ગધેડો સમજે છે કેમ ?

ગધેડો : મારી સમજથી શો ફરક પડવાનો હતો. જો...બધાં પ્રાણી હવે આવવા માંડયાં છે. તારામાં તાકાત હોય તો તારી શ્રેષ્ઠતા હવે તું એ બધાંની વચ્ચે જ સાબિત કરજે.

[પશુ-પંખીઓનો ગાતાં ગાતાં પ્રવેશ]

પ્રાણીઓ : સૂરજદાદા... ઓ સૂરજદાદા

તમે અમારા દાદા
અને અમે તમારાં બાળ.
આખી સૃષ્ટિના તો
તમે જ તારણહાર.
સૂરજદાદા... ઓ સૂરજદાદા,
નાનો અમથો ગોળો
એનો મહિમા છે અપાર...

ગધેડો : આવો મિત્રો આવો. બેસો.

[બધાં બેસી જાય છે. કેવળ હાથી ઊભો રહે છે]

ગધેડો : આજની આ સભામાં આપણે આગેવાન નક્કી કરવાનો છે. તમે સૌ જેને ચૂંટશો તે હવેથી આ આસન પર બેસવા માટે હકદાર બનશે.

વાંદરો : અલ્યા એ....આસન તો તેં પહેલેથી પચાવી પાડયું છે અને હવે બુધ્ધુ કોને બનાવે છે?

ગધેડો : જો ભાઈ, આસન પર બેસવાની મને કોઈ લાલચ નથી. મેં તો કેવળ કામચલાઉ આ આસન સંભાળ્યું હતું. એટલે આક્ષેપો કર્યા વગર ન્યાયની

વાત કર. સભાના પ્રમુખસ્થાનેથી હું એ જાહેર કરું છું કે આપણામાં જે મોટું હશે તે જ હવે આ આસન પર બેસશે.

બધાં : (બૂમો પાડે છે.) હું મોટો છું. હું મોટો છું. એ આસન પર મારો અધિકાર છે.

ગધેડો : (પગ ઊંચો કરી) શાંતિ....શાંતિ. ઘોંઘાટ ન કરો.

વાંદરો : તમે દરેકને પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવાની તક આપો.

માછલી : મારે કંઈક કહેવું છે.

ગધેડો : કબૂલ છે. ચાલ, પહેલાં તું તારી વાત કર.

માછલી : મારું રૂપ જુઓ, હું કેટલી સુંદર છું.

વાંદરો : સુંદર છે તો શું થઈ ગયું ? ઊજળો તો આ ગધેડોય છે.

માછલી : તને વાત સાંભળવાની ટેવ છે કે નહિ ?

ઊંટ : અત્યારે સભાના પ્રમુખસ્થાને ગર્દભરાજ છે. ગર્દભરાજ, હવેથી જે વચમાં બોલે તેને સભાની બહાર કાઢો.

ગધેડો : મિત્રો, સભાગૃહનું પણ એક શિસ્ત હોય છે. અહીં સૌને વારાફરતી બોલવાની તક મળવાની છે. પોતાનો વારો ન આવે ત્યાં સુધી સૌ કોઈ શાંતિ જાળવશે તો મારે કોઈનેય બહાર નહિ કાઢવા પડે. સંચાલન મારું....પણ શિસ્ત તમારું.

માછલી : તો હવે હું આગળ બોલું.

ગધેડો : બોલો.

માછલી : હું પાણીનો જીવ....પાણી વગર ન જીવી શકું, વળી પૃથ્વી પર ત્રણ ભાગ પાણી અને એક ભાગ જમીન એટલે અમારું સંખ્યાબળ પણ મોટું. અને અમે – અમે લોકો જ્યારે પૃથ્વી પર જમીન નહોતી, એટલે કે સર્વત્ર પાણી જ હતું ત્યારે પણ અમારી હસ્તી હતી અને પૃથ્વી પર જ્યાં સુધી પાણી છે ત્યાં સુધી અમે રહેવાનાં.

કાગડો : માછલીબાઈ, કોણ રહેવાનું અને કોણ નહિ રહેવાનું તે સવાલ અત્યારે ગૌણ છે.

અત્યારે પ્રશ્ન તો છે આ આસનનો. અને એ આસન છે જમીન પર. તમે રહ્યાં પાણીનાં જીવ....ન તો તમે પાણી વગર બહાર જીવી શકો કે ન અમે પાણીની અંદર.

માછલી : એટલે આસન પર બેસવાનો અધિકાર તમારો છે એમજ તારું કહેવું છે ને ?

કાગડો : હા....કારણકે જે આસન સંભાળે તેણે તમામ પશુ–પંખીઓનું ધ્યાન રાખવું પડે. સૌ કોઈ જાણે છે કે અમે આકાશમાં ઊડીએ છીએ. નદી-નાળા, તળાવ, અમારે માટે તો કશી વિસાતમાં નથી. મારી આ પાંખો જોઈ? એ જેટલી સુંદર છે એટલી જ સુંવાળી છે. અમે એના વડે ઊડીને ગમે ત્યાં જઈ શકીએ છીએ.

માછલી : ઊડવાનું આવડે એટલે કંઈ આસન પર બેસવાનો અધિકાર ન મળે. આસન પર તો એ જ બેસી શકે જે સૌને સમાન દૃષ્ટિથી જુએ.

વાંદરો : હા. અને તું તો મૂળથી ખાનારો. અને એમાંય એક જ ડોળો. ના ભૈ ના. તું અમારો નેતા કદાપિ ન થઈ શકે.

માછલી : હા જમીન તો આજે છે ને કાલે નથી. હવે તો વૃક્ષોય ઘટતાં જાય છે. થોડા સમયમાં બળતણની તંગી ઊભી થતાં જ આ માણસજાત એકે ઝાડ નહિ રહેવા દે.

વાંદરો : એટલે તું કહેવા શું માંગે છે?

માછલી : એ જ કે જે લોકો પોતાના ભવિષ્ય વિષે કદી વિચારતા નથી તે આ સમસ્ત પ્રાણી-જગતનું શું કલ્યાણ કરવાના હતા?

હાથી : (હસે છે) અલ્યાઓ....નાના મોઢે મોટી વાત કરવાની રહેવા દો....મને તો તમારી આ મૂર્ખતાભરી વાતો સાંભળી હસવું આવે છે.

ગધેડું : વાત અહીં નાના–મોટાની નથી. વાત તો એમના ગુણની છે.

હાથી : તે હું તમને મારા ગુણની જ વાત કરું છું. અમારો સૌથી મોટો ગુણ છે શક્તિ. સૌ કોઈ જાણે છે કે જેમનામાં બળ નથી એ વળી શું આગેવાની કરવાના હતા!

ગધેડો : બીજા નિંદા ન કરો. તમારે જે કહેવું હોય તે સ્પષ્ટ કહો.

હાથી : મારા બળથી હું વૃક્ષોને ઉખાડી શકું છું. ખડકોનેય હલાવી શકું છું. મારો દેખાવ જુઓ. જાણે જોઈ લ્યો ચાલતો ફરતો પહાડ. તમે મને તમારો નેતા નહિ બનાવો તોપણ તમને બધાને કચડી નેતા બનવાની શક્તિ મારામાં છે.

ગધેડો : નેતાની શોભા બીજાઓને કચડી ઉપર આવવામાં નથી. એ તો સારું છે કે તમે અમારા આગેવાન નથી.

વાંદરો : હા...., એક મચ્છરનો તો મુકાબલો કરી શકતો નથી. અને શું જોઈને ડંફાસ હાંકતો હશે !

માછલી : સાચી વાત છે. હાથીભાઈ આપણને ધમકાવી પોતે જ સર્વોચ્ચ છે એવું સાબિત કરવા માંગતા હોય તો પછી મારે મચ્છરોને વાત કરવી પડશે. એમનું એક ઝૂંડ હાથીને સીધા કરવા માટે પુરતું છે.

ઊંટ : આપણે કોઈને સીધા કરવાની જરૂર નથી. અહીં સૌ સીધા જ છે. તમે આમ એકબીજા સામે ઘૂરકિયાં કરશો તો કેમ ચાલશે?

ગધેડો : તમારે કંઈ કહેવું છે?

ઊંટ : મારે વળી શું કહેવાનું હોય? હું તો આજીવન સેવક છું. મારી સેવાથી કોણ અજાણ્યું છે?

ગધેડો : અજાણ્યું તો કોઈ નથી. પણ જે રજુઆત કરવી હોય તે ગોળ ગોળ કર્યા વગર મુદ્દાસર કરો.

ઊંટ : કરકસર, કંજૂસાઈ, મહેનત, ધીરજ અને સહનશક્તિમાં મારો જોટો જડવો મુશ્કેલ છે.

ગધેડો : તારી વાત સાંભળી એમ જ લાગે છે કે આ આસન તને જ મળવું જોઈએ.

વાંદરો : (એકદમ) મને વાંધો છે.

હાથી : આ એક રમત છે. હું તે નહિ સાંખુ.

ગધેડો : શાંતિ... શાંતિ...

માછલી : તમે બેઉ મળી ગયા છો.

ગધેડો : અમે કોઈ મળી ગયા નથી, અને આ કોઈ રમત નથી. મેં તો શક્યતા જ વિચારી જોઈ પણ....

વાંદરો : ઊંટિયામાં બુદ્ધિ જ નથી.

માછલી : તું તારી બુદ્ધિનો ઢોલ ટીપ્યા વગર સખણો બેસ.

વાંદરો : હું તો સખણો જ બેઠો છું. તું વચ્ચે ડબડબ ન કર. આગેવાન તો બુદ્ધિશાળી ચતુર હોવો જોઈએ. આમાં એમનું બળ કે ધીરજ કામનાં નથી. માણસના કરતૂકોય હું ચપટીમાં શીખી લઉં છું.

માછલી : અહો...., કોઈનું અનુકરણ કરવું એને તું શું અક્કલ કહે છે?

ગધેડો : તારી વાત પૂરી થઈ ગઈ?

વાંદરો : હા... મારે જે કહેવું હતું તે તો મેં કહી દીધું છે. પણ તું આમ સૌના વિચારો જાણી કોઈ ચાલ ચાલવા માંગતો હોય તો આટલે જ અટકી જજે. તેં કંઈ વાઘ માર્યો નથી.

ગધેડો : વાઘ તો મેં જેમ માર્યો નથી એમ તેંય માર્યો નથી. મૂળ વાત એ નથી. મૂળ વાત તો એ છે કે આપણે બધાં મહેનત કરી તૂટી જઈએ છીએ. એમાંય જે ગધેડાની જેમ કામ કરે છે, જેને કોઈ સ્વાર્થ નથી, જે હંમેશાં બીજા માટે જીવે છે તે જો સૌનો આગેવાન થાય તો એમાં ખોટું શું છે?

[ થોડી વાર ચૂપકીદી છવાઈ જાય છે. ]

કાગડો : ખોટું સાચું હું ન સમજું. હું તો એટલું સમજું કે આખું આકાશ મારું છે.

માછલી : હુંય પાણીની રાણી છું. મારુંય સામ્રાજ્ય મોટું છે.

ગધેડો : (વચ્ચે જ) જે લોકો એક બીજાનું ખરાબ બોલે, પોતાના ભાઈઓના જ દુશ્મન બને એવા શાસનથી શું લાભ?

[ કઠિયારાનો પ્રવેશ ]

કઠિયારો : મને લાગે છે આ રીતે તમે તમારી તકરારનો અંત નહિ આણી શકો. ચાલો હું તમારો વિવાદ મિટાવું.

વાંદરો : અરે, આ તો કઠિયારો, જે આપણાં જંગલ કાપે છે.

હાથી : તો તું અહીં ક્યાંથી આવી પહોંચ્યો ?

ગધેડો : માલિક... માલિક... તમે... તમે અહીં ? [ડરી જાય છે.]

કઠિયારો : ચાલો, તમે બધાં મને ઓળખો છો એટલું સારું છે.

માછલી : પણ તું તો....

કઠિયારો : હું કોઈનોય દુશ્મન નથી. હું તો સૌનો મિત્ર છું. મેં તમારા બધાંની વાતો સાંભળી છે. કોઈનામાં બળ છે, તો કોઈનામાં થોડી બુદ્ધિ, તો કોઈનામાં ધીરજ.

હાથી : પણ છતાં એક મોટી ખામી છે.

કઠિયારો : હા ગજરાજ, અને તે એ કે તમે સૌ–તમારા વાતાવરણ અને તમારી જરૂરિયાતોનાં દાસ છો. એટલે કે ગુલામ છો. જ્યારે હું...હું એ બધાંનો વિજેતા છું. મેં આકાશ, પાણી, જંગલ અને રણ–બધી જ જગ્યાએ વિજય મેળવ્યો છે.

અરે, હું તો ચાંદ પર પણ પહોંચ્યો છું. અને ગ્રહોનાં ભેદ પણ મેં જાણ્યા છે.

વાંદરો : છતાં ખાટલે એક મોટી ખોડ છે. તમે તમારી બુદ્ધિનો ઉપયોગ તમારા સ્વાર્થને સંતોષવા બીજાનો નાશ કરતાં અચકાતા નથી.

કઠિયારો : તારી વાત હું સ્વીકારું છું. પણ એવું અમારે કેમ કરવું પડે છે? અને બુદ્ધિની હરીફાઈ તો અમારામાંય થાય છે. પણ એક વાત છે. અમે અમારું રક્ષણ કઈ રીતે કરવું તે પણ જાણીએ છીએ. તેમ તમારું રક્ષણ કઈ રીતે કરવું તે પણ જાણીએ છીએ.

ગધેડો : સ્વામી!

કઠિયારો : સ્વામી! હા. આ સંસારનો હું સ્વામી છું. આ સંસાર અમારો છે.

માછલી : ખોટું, સાવ ખોટું. આ સંસાર તમારો નથી. આ સંસાર તો સૂરજદાદાનો છે. એમણે જ એ સર્જાવ્યો છે. હજીયે તે સર્જાવે છે. જો એ ન હોય તો હું તું...તે પેલું કશું જ ન હોત.

કઠિયારો : ખરું..., તમારી વાત પણ સો ટકા સાચી છે. સૂરજદાદા તો અમારાય દેવ છે. અમે તેને શક્તિના દેવ તરીકે પૂજીએ છીએ. કોઈ એવું ભાગ્યે જ હશે જે રાંદલનું નામ નહિ જાણતું હોય.

હાથી : ચાલો. આપણે સૌ સૂરજદાદાની પ્રાર્થના કરીએ.

કઠિયારો : ચાલો. બોલો હે સૂરજદેવ.

બધાં : હે સૂરજદેવ.

કઠિયારો : અમને બળ, બુદ્ધિ, શક્તિ અને તંદુરસ્તી આપો.

બધાં : અમને બળ, બુદ્ધિ, શક્તિ અને તંદુરસ્તી આપો.

કઠિયારો : અમે સૌ આપને પ્રણામ કરીએ છીએ.

બધાં : અમે સૌ આપને પ્રણામ કરીએ છીએ.

કઠિયારો : તમે અમને તમારી શક્તિનો ઉપયોગ કરવાની અનુમતિ આપો.

બધાં : તમે અમને તમારી શક્તિનો ઉપયોગ કરવાની અનુમતિ આપો.

કઠિયારો : બોલો...સૂરજદાદાની...

બધાં : જય...

કઠિયારો : સૂરજદાદાની...

બધાં : જય...

[ થોડી વાર માટે શાંતિ છવાઈ જાય છે ત્યાં માછલી બોલે છે ]

માછલી : કઠિયારાભાઈ, આપણે સૂરજદાદાની શક્તિનો ઉપયોગ કરવાની અનુમતિ તો માંગી પણ એમની શક્તિનો આપણે કઈ રીતે ઉપયોગ કરશું ?

વાંદરો : માછલીબેન, તમે એ ચિંતા કરવાનું છોડો. આ માણસજાત બહુ બુદ્ધિશાળી છે. એણે બધું જ પહેલેથી વિચારી લીધું હશે.

કઠિયારો : હા. અમે એ વિચારી લીધું છે. તમારે એ જાણવું છે ?

બધાં : હા...હા...સૂરજદાદાની શક્તિનો સદ્-ઉપયોગ જાણવામાં અમને સૌને રસ છે.

કઠિયારો : તો સાંભળો. સૂરજની શક્તિનો મહિમા અપાર છે. અમે તેમનો ઉપયોગ ખોરાક રાંધવા, પાણી ગરમ કરવા માટે, દરિયાનાં ખારાં પાણીને મીઠાં પાણીમાં ફેરવવા, અનાજ ફળ વગેરેને

સૂકવવા, ઘરના વાતાવરણને સમધારણ રાખવા, કૂવામાંથી પાણી ખેંચવા, પાણીની વરાળ કરવા, રોગોનો ઉપચાર કરવા, ધાતુ ઓગાળવા, વીજળી પેદા કરવા તથા તેમની શક્તિ વડે ઘડિયાળ પણ ચાલુ કરી શકાય છે એવું શોધી કાઢ્યું છે.

વાંદરો : વાહ ભૈ વાહ, સૂરજદાદાની શક્તિનો તમે આવો સરસ ઉપયોગ કરશો તો અમારાં જંગલો બચી જશે અને અમે આનંદથી રહી શકીશું.

[ કઠિયારો હસે છે. બધાં પ્રાણીઓ ગાતાં ગાતાં વિખરાય છે : ]

સૂરજદાદા... ઓ સૂરજદાદા
તમે અમારા દાદા
અને અમે તમારાં બાળ.
આખી સૃષ્ટિના તો
તમે જ તારણહાર.
સૂરજદાદા.... ઓ સૂરજદાદા,
નાનો અમથો ગોળો
એનો મહિમા છે અપાર.

[ બધાં અદૃશ્ય થઈ જાય છે. ]

□

શ્રી હરિ ૐ આશ્રમ પ્રેરિત

# નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા

૧ કસ્તૂરબા સોમાભાઈ ભાવસાર
૨ નવાં ગીતો (ભા.-૩) ત્રિભુવન વ્યાસ
૩ ફૂલવાડી નિરંજન સરકાર
૪ ધરતીની મહેક વસંત નાયક
૫ બીલીપત્ર મહીપતરામ જોશી
૬ તૈયાર હો વસંત નાયક
૭ ભીલીની કિશોરકથાઓ યોગેન્દ્ર વ્યાસ
૮ ચાલો, આપણે ભજવીએ ચન્દ્રવદન શુક્લ
૯ નાના છતાં મોટા ઉપેન્દ્ર ભટ્ટ
૧૦ સાત ચરિત્રો નગીનદાસ પારેખ
૧૧ દે તાલ્લી રમેશ પારેખ
૧૨ હાઉક રમેશ પારેખ
૧૩ ગુલાબી આરસની લગ્ગી હરિકૃષ્ણ પાઠક
૧૪ તોફાન યૉસેફ મેકવાન
૧૫ જંગલ જીવી ગયું રે લોલ ઇન્દુ પુવાર
૧૬ સરવરિયાં અમૃતલાલ છ. પારેખ
૧૭ ચાંદલિયાની ગાડી ચંદ્રકાન્ત શેઠ
૧૮ રુમ્મક ઝુમ્મક રવીન્દ્ર ઠાકોર
૧૯ ડિંગડૉંગ યૉસેફ મેકવાન
૨૦ પારિજાતનાં ફૂલ મુકુલભાઈ કલાર્થી
૨૧ દાદાજી વારતા કહોને ! ,,
૨૨ નાનપણની વાતો ,,
૨૩ પગલે પગલે પ્રકાશ ,,
૨૪ પ્રેરણાની પરબ ,,
૨૫ ફૂલડે ફૂલડે ફોરમ ,,
૨૬ ચાલો રમીએ નાટક નાટક પ્રકાશ લાલા
૨૭ તરાપો સ્નેહરશ્મિ
૨૮ ઉજાણી સ્નેહરશ્મિ
૨૯ એનઘેન દીવાઘેન ધીરેન્દ્રસિંહ રાઠોડ
૩૦ ઝૂનઝૂન ઝૂ બૂબલા બૂ ઇન્દુ પુવાર
૩૧ કોઈનું કંઈ ખોવાય છે હરિકૃષ્ણ પાઠક
૩૨ ચીં રમેશ પારેખ
૩૩ ગપ્પાંગાડી સુધીર દેસાઈ
૩૪ ઠેરનાં ઠેર શ્રદ્ધા ત્રિવેદી
૩૫ દૂધના દાણા ચન્દ્રવદન ચી. મહેતા
૩૬ સૂરજ, તારી છાયા જ્યોતિર્ રાવલ

વિગત, વરદી તેમ જ પરિષદનાં અન્ય પ્રકાશનો માટે સંપર્ક સાધો :

**પ્રકાશન વિભાગ : ગુજરાતી સાહિત્ય પરિષદ**
આશ્રમ માર્ગ, નદીકિનારે, પો. બૉ. નં. ૪૦૬૦, અમદાવાદ–૩૮૦ ૦૦૯
[ફોન : ૭૭૯૪૭]